**<u>સ્પે.દિવાની દાવા નંબર : ૨૨/૨૦૧૫</u>**

**<u>-:આંક-૧૭૧ લગત હુકમ:-</u>**

(૧) પ્રતિવાદી તરફે સદર અરજી આપવામા આવેલ અને જણાવવામા આવેલ કે, વાદીએ દાવા અરજીના પેરા નં.૧૦ મા દાવાનુ કારણ જણાવેલ જે કારણ ખરેખર ઉભુ કરવામા આવેલ છે. અને ભ્રામીક કારણ છે જેના કારણે વાદીનો દાવો રદ કરવા પાત્ર થાય. પ્રતિવાદી દ્વારા જણાવવામા આવેલ છે કે વાદીના નજીકના અને ખાસ વિશ્વાસુ અમારા ધણીના મિત્ર તથા સંબંધિત પંકજભાઈ રમણભાઈ ભકત કરીને છે. તેમણે સદર પ્રતિવાદી સાથે અમારી મુલાકાત કરાવેલી. પ્રતિવાદીના ધણી રાજેન્દ્રભાઈ સાથે હાલનો વ્યવહાર થયો તે અગાઉ પણ ભાગીદારીમા મોજે ભોજપુર તથા મોજે શાહપુર મઢી , સુરાલી વિસ્તારમા ખેતીની જમીનો ખરીદેલી પ્રતિવાદીના ધણીએ મોજે વાંસદાની ખેતીની જમીન ખરી ખરીદવાનો પ્રસ્તાવ મુકેલો. પરંતુ તે સમયે વાદી પાસે રોકડ નાણાં ન હતા. સદર પ્રતિવાદીને દાવાવાળી મિલકત સિવાય અન્ય ખેતીની મિલકત ખરીદવાની વાદીએ સમર્થતતા બતાવેલી. ત્યારે સદર પ્ર તિવાદી નં.૧ નાએ ઉપરોકત પંકજભાઈની હાજરીમા એવુ જણાવેલ કે, પ્રતિવાદી નં.૧ પાસે હાલ પૈસાની સગવડ છે. જેથી પ્રતિવાદી નં.૧ વાદી તરફે અને વતી દાવાવાળી મિલકત સિવાય અન્ય ખેતીની મિલકત ખરીદવાના નાણાં આપશે. પરંતુ તેના બદલામા વાદીએ દાવાવાળી મિલકતનો પ્રતિવાદીને વેચાણ દસ્તાવેજ સહી કરી આપવાનો રહેશે. જે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરવાનો રહેશે નહી. જે દસ્તાવેજના અવેજ પેટે વાદીએ લીધેલ નાણાં વાદી અને તેના ધણી ટુંક સમયમા વિદેશ જનાર હોય, વાદીને વિદેશમા નાણાંની સગવડ થાય ત્યારે પ્રતિવાદી ના ધણીને પરત આપશે. ત્યારે દાવાવાળી મિલકત પરત્વે બનાવેલ સદર વેચાણ દસ્તાવેજનો નાશ કરવાનો રહેશે તેવુ નકકી થયેલ. તે મુજબ પ્રતિવાદી નં. ૧ ના વિશ્વાસ અને ભરોસા ઉપર આધાર રાખી વાદીએ ફકત ટાઈપ કરેલા લખાણ ઉપર વકીલના ઓફીસમા જઈ સહી કરેલ અને તે સમયે કોઈ સ્ટેમ્પ પેપર ન હતુ અને વાદીએ સ્ટેમ્પ પેપર

વિનાના દસ્તાવેજ ઉપર ફકત સહી કરેલી. વાદી મજકુર ઓફીસમા સદર વેચાણ દસ્તાવેજ નોંધાવવા ગયેલ ન હતા કે નથી. આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ તેમના પુત્ર રાજેન્દ્રને મેળાપીપણામા સદર દાવાવાળી મિલકતમા પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ૧૪૪૫/૨૦૦૯ તા.૨૦–૧૦–૨૦૦૯ ના રોજ વ્યારાના સબ રજીસ્ટ્રારથી કરી આપેલ. તે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ બીન અવેજી હતો અને છે અને તે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૧ ના અને દાવાવાળી મિલકતમા કોઈ રાઈટ, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, હકક, હિત, હિસ્સો, સંબંધ પ્રાપ્ત થતા ન હતા.

(૨) વધુમા સદર અરજીમા જણાવવામા આવેલ છે કે, વાદીએ દાવામા બતાવેલ કારણ સદર વજુદ વગરનુ અને સ્પષ્ટ છે. જે કારણે હકીકતથી બીલકુલ વિપરીત અને મનઘડીત છે. વાદીએ દાવાવાળી મિલકતમા સદર વેચાણ દસ્તાવેજમા સબ રજીસ્ટર્ડ અને સાક્ષી સમક્ષ સહી કરી દાવાવાળી મિલકત અવેજ અને કાયદેસર હકકો બાબતે વર્ણન થયેલ વિગત, કથનો, હકીકતો, શરતો વગેરેનો કોઈપણ દાબ–દબાણ વિના સ્વેચ્છાએ રાજીખુશીથી સ્વીકાર કરેલ. જે વિગત, કથનો, હકીકતો, શરતો વગેરે મુજબ દાવાવાળી મિલકતમા અવેજની લેવડદેવડ ચોકકસ થયેલ તથા દાવાવાળી મિલકત પરત્વે ઉત્પન્ન થતા કાયદેસરના હકકોનો પણ હસ્તાંતરણ થયેલ. વધુમા વાદી પોતે એન.આર.આઈ. છે. અમેરિકાના રહેવાસી છે. તે અમેરીકા જવાના હોય જેથી દાવાવાળી મિલકત વેચાણ આપવા માંગતા હોય જેથી વાદીએ દાવાવાળી મિલકત અમો પ્રતિવાદી નં. ૧ નાને રૂ.૩,૨૫,૦૦૦/– મા અવેજ વસુલ કરી કબજા ભોગવટા માલીકીના કાયદેસરના હકકો સહિતના રજીસ્ટર્ડ દસ્તાવેજ તા.૨૦–૧૦–૨૦૦૯ ના રોજ કાયદેસર રીતે સબ રજીસ્ટર્ડ અને સાક્ષી સમક્ષ સહી કરવડાવી વેચાણ આપી અને ત્યારબાદ વાદી અમેરીકા જવા નીકળી ગયેલ અને પછી પ્રતિવાદીને હેરાન કરવા ખોટો દાવો કરેલો છે. જે કારણસર વાદીનો દાવો કારણ વગરનો હોય જેથી નામંજુર કરવા અરજ કરવામા આવેલ છે.

(૩) વાદી નં. ૧ ની અરજી અન્વયે વાદી તરફે આંક–૧૭૪ થી જવાબ રજુ કરવામા આવેલ અને જણાવવામા આવેલ કે, સદર દાવો વાદીના વધુ પુરાવા માટે છે. અરજીમા જે હકીકત જણાવવામા આવેલ છે તેની તકરાર વાદીની ઉલટતપાસ દરમ્યાન લેવામા આવેલ નથી તેમજ વાદીનો દાવો ખોટો અને કોઈપણ કાયદેસરના કારણ વગરનો હોવાનુ પ્રતિવાદીને હકક અધિકાર નથી. દાવો દાખલ થયાના ૧૦ વર્ષ પછી હાલની અરજી કરવામા આવેલ છે. જે કારણે અરજી નામંજુર કરવી જોઈએ. હાલના દાવામા પ્રતિવાદીએ જવાબ રજુ કરેલો તેમજ વાદીની ઉલટતપાસ પણ કરવામા આવેલ અને વધુ પુરાવાનો હકક ચાલુ છે. જે કારણે અરજી નામંજુર કરવી જોઈએ.

(૪) આંક–૧૭૫ થી પ્રતિવાદી તરફે લેખિત દલીલ રજુ કરવામા આવેલ જેમા પ્રતિવાદી નં. ૧ ધ્વારા પોતાની અરજીની વિગતોની દલીલમા જણાવેલ છે અને જણાવેલ કે, વાદીનો દાવો ખોટો છે જેથી નામંજુર કરવા પાત્ર થાય.

(૫) પ્રતિવાદી નં.૧ તરફે આંક–૧૭૧ ની અરજીના સમર્થનમા આંક– ૧૭૫ તથા આંક ૧૭૭ થી લેખિત દલીલ રજુ કરેલ. જે વંચાણે લેવામા આવેલ. જેમા મુખ્યત્વે જણાવવામા અવોલ છે કે, વાદી ધ્વારા ચુકિતપુર્વક ડ્રાફટીંગ કરેલ છે અને વાદીના દાવામા દાવાનુ કોઈ કારણ ન હોય જેથી ઓર્ડર ૭ રૂલ ૧૧(એ) અન્વયે દાવો રદ કરવો જોઈએ અને તે માટે કોઈ અરજીની પણ રાહ જોવાની જરૂર નથી. જેથી પ્રતિવાદી નં.૧ ની અરજી મંજુર કરી વાદીનો દાવો ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે.

(૬) પ્રતિવાદી નં.૧ તરફે વધુમા આંક–૧૭૫ અને આંક ૧૭૭ થી લેખિત દલીલ રજુ કરેલ જેમા અલગ–અલગ ચુકાદાની રજુઆત કરવામા આવેલ અને તે અન્વયે વાદીનો દાવો ઓર્ડર ૭ રૂલ ૧૧(એ) ની જોગવાઈ મુજબ રદ કરવા રજુઆત કરવામા આવેલ.

(૭) વધુમા આંક–૧૭૯ થી વાદી તરફે દલીલ રજુ કરવામા આવેલ વાદી ધ્વારા મુખ્યત્વે જણાવવામા આવેલ કે, આંક–૧૭૧ ની અરજીમાં જે વિગત જણાવેલ છે તે કારણોની તકરાર જવાબમા લેવામા આવેલ નથી. તેમજ તેવી કોઈ તકરાર વાદીની ઉલટતપાસ દરમ્યાન લેવામા આવેલ નથી. તે જ રીતે હાલ વાદીનો વધુ પુરાવાનો સ્ટેજ ચાલુ છે જે કારણે પ્રતિવાદીને સદર અરજી કરવાનો કોઈ હકક, અધિકાર પહોંચતો નથી.

(૮) પ્રતિવાદી નં.૧ ધ્વારા આંક– ૧૭૬ તથા ૧૭૮ થી પોતાની દલીલના સમર્થનમા ચુકાદો રજુ કરેલ.

૧. રણજીતભાઈ વિરૂધ્ધ પુનમચંદ એ.આઈ.આર.૧૯૮૩ રાજસ્થાન પાના નં.૧ ના ચુકાદા અન્વયે રજુઆત કરવામા આવેલ કે જયારે દાવામા દાવાનુ કારણ બતાવવામા આવેલ ન હોય તેમજ વાદીનો દાવો કોઝએકસન ડીસકલોઝ કરતુ ન હોય તો તેવા સંજોગોમા દાવો ચાલુ રાખી શકાય નહી.

૨. શીવાનંદ રોય વિરૂધ્ધ જાનકી બલ્લવ પટનાયક અને બીજા એ.આઈ.આર.૧૯૮૫ ઓરિસ્સા ૯૭૭ ના ચુકાદા પર આધાર રાખવામા આવેલ. જે અન્વયે રજુઆત કરવામા આવેલ કે, કોડ ઓફ સીવીલ પ્રોસીજરના હુકમ ૭ નિયમ ૧૧ ની અરજી કોઈ ચોકકસ સ્ટેજ પર આપવી એવો નિયમ નથી. જે અન્વયે એ.આઈ.આર.૧૯૭૭ સુપ્રીમકોર્ટ ૨૪૨૧ ટી. અરવિંદાનદમ વિરૂધ્ધ ટી.વી.સત્યપાલના ચુકાદા પર આધાર રાખી દલીલ કરવામા આવેલ કે, કાળજીપુર્વક દાવો વંચાણે લેતા જે દાવો ખોટો અને ગુણ વગરનો હોય તેમજ દાવો કરવા માટેનો કોઈ અધિકાર આવતો ન હોય તો તેવા સંજોગોમા દાવો રદ કરવો જોઈએ.

૩.પ્રતિવાદી નં.૧ તરફે ઉમેશચંદ્ર સકસેના અને બીજા વિરૂધ્ધ એડમીનીસ્ટ્રેટીવ જનરલ અને બીજા એ.આઈ.આર. ૧૯૯૯ અલ્હાબાદ ૧૦૯ ના ચુકાદા પર આધાર રાખવામા આવેલ અને દલીલ કરવામા આવેલ કે, હુકમ ૭

નિયમ ૧૧ અન્વયે અદાલતની ફરજ છે કે, સદર જોગવાઈ મુજબના આવશ્યક તત્વો અસ્તિત્વમા હોય તો દાવો નામંજુર કરવો જોઈએ અને અદાલતે કોઈ પક્ષકારોની અરજી આવે તેની રાહ જોવાની જરૂર નથી. તેમ છતા અમો પ્રતિવાદી નં.૧ નાઓએ આ અરજી આપેલી છે જેથી દાવો નામંજુર કરવો જોઈએ.

૪.પ્રતિવાદી નં.૧ તરફે સોપાન સુખદેવ સાબલે અને બીજા વિરૂધ્ધ આસીસ્ટન્ટ ચેરીટી કમીશનર અને બીજા સીવીલ અપીલ નં.૪૪૮/૧૪ પર આધાર રાખવામા આવેલ અને રજુઆત કરવામા આવેલ કે, ઓર્ડર ૭ રૂલ ૧૧ ની જોગવાઈ અદાલતે ધ્યાને રાખવી જોઈએ અને હુકમ ૧૦ અન્વયે પક્ષકારોનુ નિવેદન નોંધી નકકી કરવાનુ થાય કે શુ પ્રથમ દર્શનીય દાવો ચલાવવા પાત્ર છે કે કેમ અને જો કોર્ટને એમ લાગે તો સદર દાવો ચલાવવો એ માત્ર કામગીરીનો દુરપયોગ બરાબર છે અને તે બોગસ છે. ત્યારે હુકમ ૭ નિયમ ૧૧ મુજબ દાવો કાઢી નાખવો જોઈએ.

પ. પ્રતિવાદી નં.૧ તરફે મહમદ અકતર હુસેન વિરૂધ્ધ સુરેશસિંહ અને બીજા એ.આઈ.આર. કલકતા ૯૯ ચુકાદા પર આધાર રાખવામા આવેલ અને રજુઆત કરવામા આવે કે, અર્થ વગરનો દાવો આગળ ચલાવવા પરવાનગી આપી શકાય નહી.

૬. પ્રતિવાદી નં.૧ તરફે આઈ.ટી.સી. લીમીટેડ વિરૂધ્ધ ડેપ્ટ રીકવરી એપેલેટ ટ્રીબ્યુનલ ના ચુકાદાના પેરા નં.૧૬ મા જે નિરીક્ષણ કરવામા આવેલ તેના તરફ ધ્યાન દીધેલ છે અને રજુઆત કરવામા આવેલ કે દાવામા ખરેખર સાચુ કારણ દર્શાવેલ છે કે કેમ તે જોવાનુ હોય છે. માત્ર ઈન્લ્યુઝરી એટલે કે ભ્રામક કારણ દર્શાવવામા આવેલ હોય તો હુકમ ૭ નિયમ ૧૧ મુજબ કલેવર ડ્રાફટીંગ વાળી ભ્રામક કારણવાળા દાવા અદાલતે તરમીટ કરવા જોઈએ નહી. જેથી દાવો નામંજુર કરવા રજુઆત કરવામા આવેલ.

૮.પ્રતિવાદી નં.૧ તરફે સીસીર તાના ગુહા અને બીજા વિરૂધ્ધ આયકર ગૃહ નિર્માણ સમબચા સમીતી લીમીટેડ એન્ડ અનધર અને બીજા ચુકાદા પર આધાર

રાખવામા આવેલ અને રજુઆત કરવામા આવેલ કે, ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબ કોઈપણ સ્ટેજ પર દાવો નામંજુર કરી શકાય. જે ધ્યાને લેતા તેમા પેરા નં.૫ મા જણાવવામા આવેલ કે દાવામા દાવાનો જવાબ રજુ થયેલ છે કે કેમ અથવા મુદ્દા કાઢવામા આવેલ છે કે કેમ તે બાબત અગત્યની હોય જયારે પણ અદાલત આવા નીષ્કર્ષ પર આવો કોઈ ઓર્ડર ૭ રૂલ ૧૧ પુરતા કારણો અસ્તિત્વમા છે ત્યારે અદાલત પાસે દાવો રદ કરવા સીવાય બીજો વિકલ્પ રહેતો નથી. જે ચુકાદો ધ્યાને લેતા સંબંધીત દાવામા દાવાને કાયદાનો બાધ નડતો હોય જેથી કોડ ઓફ સીવીલ પ્રોસીજરની કલમ–૯ અન્વયે અરજી આપવામા આવેલ. જે અન્વયે કલમ–૯ મુજબ દાવો ચાલવાપાત્ર ન હોય જેથી દાવો ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબ રદ કરવામા આવેલ. જે કોડ ઓફ સીવીલ પ્રોસીજરના ડી. મુજબ પડતો હતો. જયારે હાલના દાવામા કોઈ કાયદાને બાધ નડે છે તેવી કોઈ તકરાર પ્રતિવાદી નં.૧ તરફે લેવામા આવેલ નથી.

(૯) પ્રતિવાદી નં.૧ તરફે આંક–૧૭૮ થી બીજા ચુકાદા રજુ કરવામા આવેલ. જે ધ્યાને લેતા ,

૧.૨૦૧૨ (૨) જી.એલ.એચ.૭૧૩ ધચર્ચ ઓફ ક્રિસ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ એન્ડ એજયુકેશન ચેરીટેબલ સોસાયટી વતી તેમના ચેરમેન વિરૂધ્ધ કુની અમન્ન એઝયુકેશનલ ટ્રસ્ટના ચેરમેન તથા મેનેજીંગ ટ્રસ્ટ ચુકાદા પર આધાર રાખવામા આવેલ અને જણાવવામા આવેલ કે, દાવા અરજી એવા મુદ્દા પર રદ કરી શકાય જયારે દાવામાં દાવો કરવા માટેનુ કોઈ કારણ જ આપવાામા આવેલ ન હોય એટલે કે કોઈ કારણ જાહેર કરેલ ન હોય પરંતુ હાલના દાવામાં વાદી તરફે પોતાના દાવામાં પેરા નં.૧૦ મા દાવાનુ કારણ જાહેર કરેલ છે, જે અન્વયે રજુઆત કરવામાં આવેલ કે પ્રતિવાદી તરફે રજુઆત કરવામા આવે કે, ભ્રામક દાવાનુ કારણ બતાવામા આવેલ હોય તો તેવા સંજોગોમા દાવો નામંજુર થાય. જેના અનુસંધાને

પ્રતિવાદી સદર ચુકાદામા પેરા નં.૧૩ પર પ્રતિવાદી નં.૧ ઘ્વારા આધાર રાખવામા આવેલ. જે ઘ્યાને લેતા જે તે કેસના દાવાના ફકરા નં.૪ મા પાવર ઓફ એટર્ની વિશે જણાવવામા આવેલ, પરંતુ તેવા કોઈ દસ્તાવેજ રજુ કરવામા આવેલ ન હતા. જે દસ્તાવેજ દાવાના કારણ માટે દર્શાવેલ.

૨ પ્રતિવાદી નં.૧ તરફે મહારાજશ્રી માનવેન્દ્રસીંહ રણજીતસીંહ જાડેજા વિરૂઘ્ધ રાજમાતા વિજય કુંવરબા ૧૯૯૮(૨) જી.એસ.એચ.૮૨૩ પર આધાર રાખવામા આવેલ અને રજુઆત કરવામા આવેલ કે, સંબંધિત કેસમા દાવો ૨૬ ડિસેમ્બર ૧૯૭૮ ના રોજ રજુ થયેલ હતો. અને વાદીના ન્યાયાધીશ ઘ્વારા તા.૧૯–૭–૮૧ ના રોજ મુદા કાઢવામા આવેલ. ત્યારબાદ સમાવાળા એ હુકમ ૭ નિયમ ૧૧(એ) મુજબ તા.૨૬–૬–૧૯૯૬ ના રોજ અરજી રજુ કરેલ, જે અન્વયે હુકમ ૭ નિયમ ૧૧ ની અરજી આદેશાત્મક છે અને જો આ યોગ્ય લાગે તો અદાલતે જે દાવાનુ કારણ સ્પષ્ટ થતુ ન હોય તો દાવો રદ કરવો જ જોઈએ. જે અન્વયે મુદ્દા કાઢયા બાદ પણ જો તે મુજબની અરજી આવેલી હોય અને તેમા તથ્ય જણાય આવે તો વાદીનો દાવો રદ કરવો જોઈએ. કારણકે હુકમ ૭ નિયમ ૧૧ ની અરજી કોઈ નિશ્ચિત સમયમર્યાદામા રજુ કરવો એવો કોઈ બાધ નથી. જે અન્વયે હાલના દાવાના પણ મુદ્દા નીકળી ગયા હોય ત્યારપછી પણ સદર અરજી ચાલવાપાત્ર છે તેમ રજુઆત કરવામા આવેલ છે અને વાદીનો જવાબ ઘ્યાને ન લેવા અરજ કરેલ છે.

૩. પ્રતિવાદી નં.૧ ઘ્વારા શાંતીભાઈ સોમાભાઈ પટેલ વિરૂઘ્ધ રણછોડ પુંજાભાઈ (ડીસીસી) જણાવેલ એસ.એ.નં.૧૬૮/૨૦૧૮ નિર્ણય તા.૨૫–૩–૧૯ પર આધાર રાખવામા આવેલ છે. જે ચુકાદો ઘ્યાને લેતા વાદીએ દાવો કરારમા વિશિષ્ટ પાલન માટે કરેલ હતો. જે અન્વયે દાવો સમયમર્યાદાનો બાધ નડતો હોય તેમ દાવો કરવા માટે કોઈ કારણ ન હોય તે કારણસર નામંજુર કરવામા આવેલ. વધુમા ઓર્ડર ૭

રૂલ ૧૧(એ) અન્વયે પેરા નં.૧૫ અને ૧૬ મુળ પેરા નં.૪ર અન્વયે ઠરાવવામા આવેલ હતુ કે, ઓર્ડર ૭ રૂલ ૧૧(એ) ની અરજી મુદ્દા કાઢયા બાદ ચાલવી શકાય નહી તે યોગ્ય નથી અને તે બાબતે રીજેકટ કરવામા આવેલ.

૪. વધુમા પટેલ ધનજીભાઈ અંબારામ વિરૂઘ્ઘ નવીનચંદ્ર વુજલાલ વેદ સી.આ.રએ. નં.૧રર/ર૦૧૬ પર આધાર રાખવામા આવેલ અને રજુઆત કરવામા આવેલ કે, અદાલતની ફરજ છે કે, ઈન્લ્યુઝરી કોઝ ઓફ એકસન હોય તો દાવો કાઢી નાખવો.

પ. મૈ.રામાભાઈ ઠાકોર વિરૂઘ્ઘ વીન્ડ સામબ ઠાકોર સીવીલ અરજી નં.૮૩/ર૦૧૭, તા.ર૦-ર-૧૭ પણ ઘ્યાને લેવા પાત્ર થાય. જે અન્વયે ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબની અરજી આપવામા આવેલ અને પ્રતિવાદી તરફે દલીલ કરવામા આવેલ કે દાવાના સમયમર્યાદાનો બાધ નડે છે તેમજ દાવા અરજીમા દાવાનુ કારણ જણાવવામા આવેલ નથી. જે ચુકાદો ઘ્યાને લેતા દાવાના સમયમર્યાદાનો બાધ નડે છે. તે કારણસર અરજી મંજુર કરી દાવો નામંજુર કરવામા આવેલ. જે અન્વયે માત્ર દાવાની વિગત ઘ્યાને લેવાની હોય છે અને માત્ર દાવો વંચાણે લેતા જો જણાય આવે તો દાવાની સમયમર્યાદાનો બાધ નડે છે. તો દાવો નામંજુર થાય તેમ સદર હુકમ ૭ નિયમ ૧૧ ની અરજી કોઈપણ સ્ટેજે આપી શકાય છે. તેમજ સદર અરજી નિયમ ૧૧ ના કલોઝ (એ) અને કલોઝ (ડી) મુજબ આપવામા આવેલ. જેના પેરા નં.૧૬ ઘ્યાને લેતા વાદી ઘ્વારા તેમને માહિતી મળી ત્યારપછી તરત દાવો કરેલ.

(૧૦) આંક-૧૭૯ થી વાદી તરફે લેખિત દલીલ રજુ કરવામા આવેલ અને જણાવવામા આવેલ કે, વાદીની ઉલટતપાસ દરમ્યાન આવી કોઈ તકરાર લેવામા આવેલ નથી. તેમજ નામદાર કોર્ટ તરફે તે બાબતનો કોઈ મુદ્દો પણ કાઢવામા આવેલ નથી. અને વાદીના દાવાની ઓર્ડર ૭ રૂલ ૧૧ નો બાધ નડતો નથી જે કારણે અરજી નામંજુર કરવી જોઈએ. આમ સદર દાવાના કામે વાદી તેમજ પ્ર

તિવાદી નં.૧ ની દલીલ ધ્યાને લેવામા આવી. જે અન્વયે સ્પષ્ટ થાય છે કે, ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજી દાવાના કારણ મુદ્દા નીકળી ગયા હોય ત્યારબાદ પણ આપી શકાય. ત્યારબાદ ઓર્ડર ૭ રૂલ ૧૧(એ) ધ્યાને લેતા,

૭(એ):– તેમા દાવાનુ કારણ જણાવવામા આવ્યુ ન હોય,

આમ દાવામા જો દાવો કરવા માટેનુ કારણ જાહેર કરવામા આવેલ ન હોય તો કોઈપણ તબકકે, ત્યારબાદ વાદીનો દાવો નામંજુર કરવાનો થાય. સદર અરજી અન્વયે આ કામના પ્રતિવાદી નં.૧ ના ધ્વારા દાવાનુ કારણ દર્શાવેલ તે કારણથી દાવો રદ કરવા માટે રજુઆત કરેલ છે.

(૧૧) સદર દાવાના કામે પ્રતિવાદી નં.ર તરફે દલીલ કરવામા આવેલ છે કે, અમે પ્રતિવાદી નં.૧ ની દલીલને સમર્થન આપીએ છીએ. વધુમા રજુઆત કરવામા આવેલ છે કે, જયારે દસ્તાવેજમા અવેજની રકમ બાબતે તકરાર હોય ત્યારે તે દસ્તાવેજમા દર્શાવવામા આવેલ અવેજની રકમ વસુલાત માટે દાવો થઈ શકે. પરંતુ દાવો દસ્તાવેજ રદ કરવા માટે થઈ શકે નહી જે કારણસર વાદીનો દાવો ચાલવાપાત્ર નથી.

**અરજીના નિર્ણય અન્વયે પ્રશ્ન**

(૧ર) બંને પક્ષકારની રજુઆત ધ્યાને લેવામા આવી. સદર કામે વાદીના પક્ષનિવેદન ના આધારે જે હકીકત વાદી તરફે સ્વીકાર્ય છે તે મુજબ,

૧. વાદીએ પ્રતિવાદીને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવા વકીલ રુબરુ સ્ટેમ્પ વગર ના લખાણમાં સહી કરી આપેલ

ર. વાદી સબ રજીસ્ટ્રાર રુબરુ હાજર થઈ સબ રજીસ્ટ્રાર રુબરુ સદર રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજમાં સહી કરી આપેલ નથી તેમજ વાદી સબ રજીસ્ટ્રાર રુબરુ દસ્તાવેજ માટે ગયેલ નથી.

૩. વાદીએ સદર દસ્તાવેજમાં જે રકમ બતાવવામાં આવેલ તે રકમ દોઢ વર્ષમાં પ્રતિવાદીને પરત કરવાની હતી.

૪. વાદી ને સદર રજીસ્ટર્ડ કરવામાં આવેલ દસ્તાવેજમાં જણાવ્યા મુજબની અવેજ ની રકમ મળેલ નથી.

જે અન્વયે સદર દાવાના કામે પ્રતિવાદી તરફે રજુ કરવામા આવેલ અરજી અન્વયે મુખ્ય રજુઆત કરી આ કામે વાદી તરફે જે દાવો કરવામા આવેલ છે તે દાવામા તે દાવાનુ કારણ બતાવેલ છે તેવુ કોઈ કારણ જ નથી અને સદર કારણ માત્ર ઉભુ કરવામા આવેલ છે. જેથી દાવામા ''કોઝ ઓફ એકસન'' ઈલ્યુઝરી કોઝ ઓફ એકસન છે. જેથી કોડ ઓફ સીવીલ પ્રોસીજરના હુકમ–૭ નિયમ–૧૧ (એ) અન્વયે વાદીનો દાવો રદ કરવાનો થાય, જે અન્વયે હાલની અરજીના કામે નીચે મુજબનો પ્રશ્ન ઉતપન્ન થાય છે

૧ શું કોડ ઓફ સિવીલ પ્રોસીજર ૧૯૦૮ ના હુકમ ૭ નિયમ ૧૧ ની અરજી પુરવા ના સ્ટેજ(તબકકે) રજુ કરી શકાય ?

૨ શું વાદીનો દાવો કોડ ઓફ સિવીલ પ્રોસીજરના હુકમ ૭ રુલ ૧૧(એ) અન્વયે રદ થવાને પાત્ર છે ?

<u>નિર્ણય અંગેના કારણો</u>

(૧૩) વાદી તરફે પ્રથમ તકરાર લેવામાં આવવેલ છેકે સદર દાવાના કામે વાદી તરફે તકરાર લેવામા આવેલ કે હાલના દાવાના કામે મુદ્દા કાઢવામા આવેલ છે તેમજ વાદી તરફે પુરાવો પણ રજુ થયેલ છે અને હાલ વધુ પુરાવા માટે દાવોચાલે છે જે કારણે આ તબકકે અરજી ટકી શકે નહી. જયારે પ્રતિવાદી તરફે જણાવવામા આવેલ છે કે હુકમ–૭ નિયમ–૧૧ ની અરજી કોપણ તબકકે આપી શકાય, જે અન્વયે અજાર હુસેન વિરૂઘ્ધ રાજીવગાંધી ૧૯૮૬ એ.આઈ.આર. સુપ્રિમકોર્ટ ૧૨૫૩ મા ઠરાવવામા આવેલ છે કે, મુદ્દા કાઢવામા આવેલ હોય તે કારણે દાવો

આગળ ચલાવવો જોઈએ તેવો સિધ્ધાંત નથી. અને અદાલતે પોતાનો કિંમતી સમય બગાડ કરવો જોઈએ નહી, જે અન્વયે પ્રતિવાદીએ રજુઆત કરેલ છે કે હાલના દાવામા ંમુદા કાઢવામા આવેલ છે પરંતુ દાવાનુ કારણ જ ઉત્પન્ન થતુ ન હોય તો દાવો ચલાવવાનો કોઈ મતલબ નથી.

(૧૪) વધુમાં ૧૯૯૮ (૨) જી.એલ.એચ.૮૨૩ મહારાજશ્રી માનવેન્દ્રસીગજી રણજીતસીંગજી જાડેજા વિરૂઘ્ધ રાજમાતા વિજયકુવરબા ના ચુકાદા પર આધાર રાખવામા આવેલ છે જે ઘ્યાને લેતા દાવાના મુદ્દા કાઢવામા આવેલ હોય ત્યારબાદ પણ અદાલત હુકમ–૭ નિયમ–૧૧(એ) મુજબ હુકમ કરી શકે છે અને તે માટે કોઈ બાધ નથી અને તેના અનુસંધાને એ.આઈ.આર.૧૯૭૭ સુપ્રિમકોર્ટ ૨૪૨૧ ટી.હરીવંદનંદન વિરૂઘ્ધ ટી.બી. ૭૭ ના ચુકાદા પર આધાર રાખવામા આવેલ છે અને રજુઆત કરવામા આવેલ કે, હુકમ–૭ નિયમ–૧૧ ની અરજી દાવાના કોઈપણ તબકકે આપી શકાય,આમ હાલના દાવાના કામે ઉપરોકત તમામ બાબતો ઘ્યાને લેતા તે હકીકત નિર્વિવાદ છે કે હાલના દાવાના કામે આંક– ૧૩૦ થી મુદ્દા તા.૧૧–૧૧–૨૦૧૬ ના રોજ કાઢવામા આવેલ. તેમજ વાદી પોતે પરદેશ મુકામે રહેતા હોય જેથી તેમના તરફે તેમના પાવરદાર ધ્વારા પુરાવા રજુ કરેલ. તેમજ જે દસ્તાવેજ રદ કરવા માટે દાવો કરવામા આવેલ છે અને વધુ પુરાવાના તબકકે પ્ર તિવાદી નં.૧ તરફે હાલની અરજી આપવામા આવેલ છે. તેમજ કોડ ઓફ સીવીલ પ્ર ોસીજર ના હુકમ–૭ નિયમ–૧૧ મુજબની અરજી પુરાવાના તબકકે રજુ કરવા સામે કોઈ બાધ ન હોય તેમ જણાતુ હોય જેથી સદર અરજી સાંભળવામા આવી.

(૧૫) સદર દાવાના કામે તા.૧૧–૧૧–૨૦૧૬ ના રોજ આંક–૧૩૦ થી મુદ્દા કાઢવામા આવેલ અને ત્યારબાદ સદર દાવો પુરાવાના સ્ટેજ પર રાખવામા આવેલ. ત્યારબાદ વાદી તરફે આંક–૧૩૯ થી સોગંદ પર સરતપાસ રજુ કરેલ. અને આંક–

૧૪૧ તથા આંક ૧૪૨ ના દસ્તાવેજ રજુ કરવામા આવેલ. આમ સદર દાવાના કામે આંક–૧૩૦ થી જે મુદ્દા કાઢવામા આવેલ છે તેમજ વાદીએ દાવાનુ કારણ દાવામા જણાવેલ નથી. તેઓનો કોઈ મુદ્દો કાઢવામા આવેલ નથી. જે બાબતની નોંધ લેવામા આવેલ. જેથી આંક–૧ ધ્યાને લેવા પાત્ર થાય. જે આંક–૧ ધ્યાને લેતા વાદી ધ્વારા કુલ મુખત્યાર તરીકે સદર દાવો કરેલો છે અને વાદીના કુલ મુખત્યાર તરીકે કાર્ય કરતા આવેલાનુ જણાવવામા આવેલ જે મુજબ

''દાવાવાળી મિલકત વાદીએ સુનંદાબેન ચીમનલાલ શાહ પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી અને તેના માલિક થયેલ હતા. જે મિલકતનુ વર્ણન મોજે ગામ મેધપુર ખાતા નં.૨૩૩, બ્લોક નં. ૧૧૯ તરીકે ચાલી આવેલ. ત્યારબાદ પેરા નં.૫ મા જણાવેલ કે, અમો વાદીના નજીકના અને ખાસ વિશ્વાસુ અમારા ધણીના મિત્ર પંકજભાઈ રમણભાઈ ભકત કરીને છે તેમણે સદર પ્રતિવાદી સાથે અમારી મુલાકાત કરાવેલ અને મારા ધણી જીતીનભાઈ તથા પ્રતિવાદીના ધણી રાજેન્દ્રભાઈ સાથે હાલનો વ્યવહાર થયો તે પહેલા અગાઉ પણ ભાગીદારીનો મોજે મેધપુર તથા મોજે શાહપુર, મઢી, સુરાલી વિસ્તારમા આવેલ ઈતવા ગામની ખેતીની જમીનો ખરીદેલી જેથી સદર પ્રતિવાદી સાથે અમારે સંપુર્ણ વિશ્વાસ અને ભરોસો હતો ત્યારબાદ પ્રતિવાદીના ધણીએ મોજે વાંસદાની ખેતીની જમીન ખરીદવાનો પ્રસ્તાવ મુકેલો. પરંતુ તે સમયે અમારી પાસે રોકડ નાણાં ન હોય સદર નાણા પ્રતિવાદીને દાવાવાળી મિલકત સીવાય વાંસદા મુકામેની અન્ય ખેતીની મીલકત ખરીદવાની અસમર્થતતા બતાવેલી. ત્યારે પંકજભાઈ રમણભાઈ ભકતની હાજરીમાં પ્રતિવાદીએ જણાવેલ કે, તેમની પાસે હાલે પૈસાની સગવડ છે. અમો વાદી તરફે અને વતી દાવાાવાળી મિલકત સીવાય વાંસદા મુકામેની અન્ય ખેતીની મિલકત ખરીદવાના નામે તેઓ અમારા વતી અને તરફે આપશે અને હમો વાદી તથા અમારા ધણી ટુંક સમયમા પ્રદેશ જનાર હોય અમોએ પરદેશીથી એમને નાણાની સગવડ થાય ત્યારે તે રકમ પ્રતિવાદીના ધણીને મોકલવાનુ જણાવેલ ત્યારે સદર પ્રતિવાદીએ જણાવેલ કે દાવાવાળી મિલકતમા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હમોને કરી આપો. અને ફકત તેમા તમે સહી કરી આપશો તે દસ્તાવેજ આપણે રજીસ્ટર્ડ કરાવીશુ નહી અને ફકત સહી કરેલો દસ્તાવેજ સીકયુરીટી

પેટે રાખીશુ અને તમો જયારે વિદેશથી નાણાં અમોને પરત કરશો ત્યારે દસ્તાવેજનો નાશ કરીશુ. જેથી તેમના વિશ્વાસ અને વચન પર આધાર રાખી ફકત ટાઈપ કરેલા લખાણ પર વકીલની ઓફીસમા જઈ સહી કરેલી. તે સમયે કોઈ સ્ટેમ્પ ન હતો. અમો રજીસ્ટ્રાર ઓફીસમા દસ્તાવેજ નોંધાવવા ગયેલા નથી. અને પ્રતિવાદીએ તેમના ધણી રાજેન્દ્રભાઈને મેળાપીપણામા હાલનો ખોટો દસ્તાવેજ ઉભો કરેલો છે. ''

(૧૬) આમ વાદીના દાવાની પેરા નં.પ ની હકીકત અન્વયે વાદી એમ જણવવા માંગે છે કે, તેઓએ કોઈપણ પ્રકારનુ અવેજ લીધા વિના પોતાની મિલકત એટલ ે કે દાવાવાળી મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ વકીલની ઓફીસમા સહી કરી આપેલ અને અનુક્રમે નં.૧૪૭૫/૨૦૦૯, તા.૨૦–૧૦–૨૦૦૯ થી પ્રતિવાદી ના લાભમાં કરી આપેલ નથી તેમજ સબ રજીસ્ટ્રાર ઓફીસમા વાદી ગયેલ નથી, તેમજ તેવો કોઈ દસ્તાવેજ રજીસ્ટર્ડ થયેલ નથી.

(૧૭) આમ વાદીના દાવાના પેરા નં.પ ની હકીકત અન્વયે આ કામના વાદીએ દાવાવાળી મિલકત સિવાય અન્ય મિલકત ખરીદવા માટેના નાણાં પ્રતિવાદીએ ચુકવી આપેલ જેમા દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ પ્રતિવાદીએ વાદીને કરી આપેલ હતો અને તે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કર્યા વગરનો અને માત્ર સીકયુરીટી પેટેનો હતો તેમ જણાવવામાં આવેલ છે

(૧૮) દાવાનો પેરા નં.૧૦ મા જણાવવામા આવેલ છે કે, હાલના દાવાનુ કારણ સદર

''પ્રતિવાદીએ તા.૨૦–૧૦–૨૦૧૦ ના રોજ વ્યારાના સબ રજીસ્ટર્ડ રૂબરૂ અનુક્રમે નં.૧૪૭૫/૨૦૦૯ થી નોંધાયેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમારી પાસેથી છળકપટ કરી બીન અવેજી નીરર્થક કરાવી લીધેલ ત્યારે અને ત્યારબાદ સદરહુ પ્રતિવાદીએ તા.૦૮–૧૨–૨૦૧૦ ના રોજ દાવાવાળી મિલકત તથા અન્ય મિલકત સંબંધે ઈસમો સાથે થયેલ સાટાખત રદ કરવા કરાર ઉપર સાફ કરી ત્યારે અને ત્યારબાદ તા.૮–૧૧–૨૦૧૦ ના રોજ દાવાવાળી મિલકતમા ગેરકાયદેસર કરી વાદીના મજુરોને જાનથી મારી નાંખવાની ધમકી આપી દાવાવાળી મિલકતમાથી કાઢી નાખી તથા શેરડીનો ઉભો પાક બાળી નાખવાની ધમકી આપી ત્યારે અને ત્યારબાદ સતત ઉત્પન્ન થયેલ છે.''

આમ વાદી ધ્વારા દાવાના પેરા નં.૧૦ મા દાવો કરવા માટેનુ કારણ આપેલ છે. જે અન્વયે દાવામા અવેજની રકમ લખેલ છે પણ સાચી હકીકતે સદર દસ્તાવેજ કરી છળકપટ કરી બીન અવેજી નીરર્થક કરાવેલ છે જે કારણસર હાલનો દાવો કરવામા આવેલ છે તેમજ રજુઆત કરવામા આવેલ છે. જે બાબત ધ્યાને લેતા વાદીએ દાવામા કારણ બતાવેલુ છે.

(૧૯) હવે એ જણાવવાનુ થાય કે દાવાના પેરા નં.૧૦ મા જે કારણ બતાવવામા આવેલ છે તે કારણ ભ્રામીક એટલે કે ઈન્લ્યુઝરી કોઝ ઓફ એકસન છે કે પછી દાવા માટે કોઈ કારણ ઉત્પન્ન થયેલ છે. કારણકે નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા સ્પષ્ટપણે ઠરાવેલ છે કે ઈન્લ્યુઝરી કોઝ ઓફ એકસનના આધારે જે દાવો કરવામા આવેલ હોય તે તેનો દાવો ચાલી શકે નહી.

(૨૦) હાલના દાવાના કામે વાદી અને પ્રતિવાદીની દલીલ ધ્યાને લેવામા આવી. આ કામે વાદી તરફે રજુઆત કરવામા આવેલ છે કે, આ કામના પ્રતિવાદી ધ્વારા તેમના દાવાના જવાબમા હાલની અરજીમા જે વિગત જણાવેલ તે બાબતે તકરાર લીધેલ નથી. જેથી હાલની અરજી ચાલી શકે નહી, જે અન્વયે પ્રથમ નોંધ લેવાની થાય કે, કોડ ઓફ સીવીલ પ્રોસીજરના હુકમ–૭ નિયમ–૧૧ ની અરજીના નિર્ણય માટે માત્ર વાદીનો દાવો ધ્યાને લેવાનો હોય છે. પ્રતિવાદી એટલે કે પ્રતિવાદી તરફે રજુ કરવામા આવેલ જવાબ ધ્યાને લેવાનો રહેતો નથી. પ્રતિવાદી તરફે જો કોઈ બચાવ લેવામા આવેલ હોય તે બચાવ પણ ધ્યાને લેવાનો રહેતો નથી, અને માત્ર આંક–૧ નો દાવો ધ્યાને લઈ નિર્ણય કરવાનો થાય કે ખરેખર હુકમ–૭ નિયમ–૧૧ નો બાધ નડે છે કેમ?

(૨૧) આ તબકકે આ પણ નોંધવાનુ થાય કે નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા ૨૦૨૧(૦) એ.આઈ.જે.ઈ.એઈ. સુપ્રીમકોર્ટ ૬૭૦૬૧ કે.અકબર અલ્લી, કે. ઉમરખાનના ચુકાદામા ઠારાવેલ કે હુકમ–૭ નિયમ–૧૧ ની અરજીનો નિર્ણય કરવા માટે દાવો

આખો યોગ્ય રીતે વાંચવો જોઈએ. જે ચુકાદામા આઈ.ટી.સી. વિરૂધ્ધ ડેપ્ટ રીકવરી ટ્રીબ્યુનલ એપેલેન્ટ ટ્રીબ્યુનલ એ.આઈ.આર.૧૯૯૮ સુપ્રીમકોર્ટ ૬૩૪ ની પણ ચર્ચા કરવામા આવેલ. જે અન્વયે કલેવર ડ્રાફ્ટીંગ કરીને ભ્રામીક રીતે દાવાનુ કારણ ઉભુ કરવામા આવેલ હોય તો તેનુ કારણ કાયદા અન્વયે પરવાનગીને પાત્ર નથી અને ખરેખર દાવામા દાવો કરવા માટેનુ સાચો હકક શુ છે તે બતાવવાનુ હોય છે. વધુમા નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા પેરા નં.૯ મા જણાવેલ કે, જે દાવો કરવામા આવેલ છે તે દાવો પાવર ઓફ એટર્ની હોલ્ડર ધ્વારા જે સમજુતીના એકઝીકયુશન કરવામા આવેલ તે બાબતે હોય, ત્યારે અદાલતને તે પાવર ઓફ એટર્ની જોવામા બાધ નથી. જે સંજોગોમા દાવા સાથે કરવામા આવેલ પાવર ઓફ એટર્ની ધ્યાને લઈ શકાય, જેના અનુસંધાને હાલનો દાવો વાદી ધ્વારા દસ્તાવેજ રદ કરવા માટે કરેલ. જે દસ્તાવેજ નિશાની ૩/૧ થી વાદીએ રજુ કરેલ અને તે દસ્તાવેજ એ દાવા બાબતે મુખ્ય કારણ છે જે અન્વયે દસ્તાવેજ ધ્યાને લઈ શકાય.

(૨૨) સદર દાવાના કામે આ કામના વાદીએ પેરા નં.૫ મા જે હકીકત જણાવેલ છે તે સંપુર્ણ વંચાણે લેતા નીચેની બાબત સ્પષ્ટ થાય છે.

(૧)વાદીના ધણી જીતીનભાઈ તથા પ્રતિવાદીના ધણી રાજેન્દ્રભાઈ (જયારે દાવામાં ઈન્દુબેન ધીરુભાઈ ભકત લખેલ છે પરંતુ સદર બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી ) વચ્ચે ભાગીદારીમા મોજે ભોજપુર તથા મોજે શાહપુર વિસ્તારમા આવેલ તીતવા ગામમા ખેતીની જમીનો ખરીદ કરવાનો વ્યવહાર થયેલ.

(૨)વાદી અને પ્રતિવાદી વચ્ચે ઘરવટ જેવા સંબંધ હતા.

(૩)પ્રતિવાદીના ધણી ધ્વારા વાંસદાની ખેતીની જમીન ખરીદવા વાદી રૂબરૂ પ્રસ્તાવ મુકવામા આવેલ.

(૪)વાદી પાસે વાંસદાની ખેતીની જમીન ખરીદવા માટે નાણાં ન હતા.

(૫)વાદી વાંસદાની જમીન ખરીદેલ(દાવાવાળી મિલકત સિવાય) તો તેના નાણાં ચુકવવા બાબતના નાણાં પ્રતિવાદી વાદીને આપશે.

(૬)સદર નાણાંની સગવડ થાય ત્યારે પ્રતિવાદીએ પ્રતિવાદીને (પ્રતિવાદીના ધણીને) મોકલવા વાદી તરફે જણાવવામા આવેલ.

(૭)સદર નાણા વાદી વતી પ્રતિવાદી ચુકવી આપે છે તેના બદલામા દાવાવાળી મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવો અને તેમા સહી કરી આપવાનુ પ્રતિવાદી તરફે વાદીને જણાવવામા આવેલ પરંતુ તે દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવવો નહિ તેમ તકરાર લેવામાં આવેલ.

(૮)વાદી તરફે તે નાણાં પ્રતિવાદીને ચુકવવામા આવે ત્યારે દસ્તાવેજમા પ્રતિવાદી નાશ કરી દેશે.

(૯)વાદીએ તે રજીસ્ટર્ડ દસ્તાવેજ બાબતે માત્ર વકીલની ઓફીસમા સ્ટેમ્પ પેપર પર સહી કરી આપેલી અને સબ રજીસ્ટ્રાર ઓફીસમા વાદી ગયેલ નથી.

આમ ઉપરોકત તમામ બાબત ધ્યાને લેતા વાદીના દાવા મુજબ એ હકીકત સ્પષ્ટ થાય છે કે, વાંસદા ખેતીની જમીન ખરીદવા માટે આ કામના વાદીએ પ્રતિવાદીના ધણી પાસેથી નાણાં સ્વીકારેલ જેના બદલામા દસ્તાવેજમા વાદીએ સહી કરી આપેલ તેમજ વાદીના કથન મુજબ જો તે દસ્તાવેજમા દર્શાવવામા આવેલ રકમ વાદી પ્રતિવાદીને વિદેશ જઈને પરત આપે એટલે કે પ્રતિવાદી તે દસ્તાવેજનો નાશ કરી દેશે. જે અન્વયે નિશાની ૩/૧ થી સદર દસ્તાવેજ ની નકલ રજુ કરવામા આવેલ. જેમા સ્ટેમ્પ પેપરમા સ્ટેમપ ખરીદનારાઓ તરીકે ઈન્દુબેન ધીરુભાઈ ભકતનુ નામ જણાવવામા આવેલ છે. વાદીના દાવાની હકીકત અન્વયે તેઓ (વાદી)સબ રજીસ્ટ્રાર કચેરીએ દસ્તાવેજ નોંધણી કરાવવા ગયેલ નથી અને આ કામના પ્રતિવાદી ધ્વારા ખોટો દસ્તાવેજ ઉભો કરવામા આવેલ.

(૨૩) સદર  સ્ટેમ્પ તા.૨૦–૧૦–૨૦૦૯ ના રોજ ખરીદ કરવામા આવેલ અને દસ્તાવેજના પાના નં.૯ ધ્યાને લેતા તા.૨૦–૧૦–૨૦૦૯ ના રોજ ૧૪૪૫ નંબરથી નોંધણી કરવામા આવેલ. જે દસ્તાવેજના પ્રથમ પાના પર લગાવવામા આવેલ ફોટો નજર સમક્ષ રાખતા સદર દસ્તાવેજ નીઝર કેમ્પ ખાતે નોંધવામા આવેલ છે. સદર દસ્તાવેજ કુલ ૦૯ પાનાનો છે. જેમા પાના નં. ૮ પર રજીસ્ટ્રારશ્રી ધ્વારા નોંધ કરવામા આવેલ કે દસ્તાવેજ લખી આપનારાઓએ દસ્તાવેજ લખી આપ્યાનુ કબુલ કરે છે. અને સદર દસ્તાવેજ અન્વયે દસ્તાવેજ ૨૦ ઓકટોબર ૨૦૦૯ ના રોજ નોંધાયેલાનુ જણાવવામા આવેલ છે.

(૨૪) સદર દાવાના કામે નોંધ લેવાની થાય કે હાલના હાલના વાદી ધ્વારા કુલ ચાર દાવા કરેલ છે, જે અન્વયે સ્પે દિ દાવા નંબર ૮૪/૨૦૧૨, સ્પે દિવાની દાવા નંબર ૨૦/૨૦૧૫, સ્પેશ્યલ દિવાની દાવા નંબર ૨૧/૨૦૧૫,સ્પેશ્યલ દિવાની દાવા નંબર ૨૨/૨૦૧૫ તરીકે ચાલે છે, તેમજ તમામ દાવામાં વાદી અને પ્રતિવાદીઓ ના વકીલશ્રી એકજ છે તેમજ અન્વય સ્પે દિવાની દાવા નંબર ૮૪/૨૦૧૨ ધ્યાને લેતા તેમજ સ્પે દિવાની દાવા નંબર ૨૦/૨૦૧૫ ધ્યાને લેતા દાવા વાળી મિલ્કત મોજે ગામ મેઘપુર ખાતે આવેલ છે જે અન્વયે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ વ્યારા તાલુકાની સબરજીસ્ટ્રાર કચેરી માં નોધવામા આવેલ હતો અને સને ૨૦૦૯ માં કોમ્પ્યુટરાઈઝ સીસ્ટમ હોવાથી દસ્તાવેજ કરી આપનાર તેમજ દસ્તાવેજ થી મિલ્કત ખરીદનાર બંન્ને ના કોમ્પ્યુટરાઈઝ ફોટા સબ રજીસ્ટ્રાર કચેરીમાં લેવામાં આવતા હતા, તેમજ તે સમયે બંન્ને પક્ષકારો ના અંગુઠાના નીશાન કોમ્પ્યુટરાઈઝ લેવામાં આવેલ હતા જે અન્વયે મિલ્કત ના વેચાણ આપનાર ભવિષ્ય માં એવી તકરાર ન લેય કે તેઓ સબ રજીસ્ટ્રાર કચેરી માં ગયા ન હતા.

(૨૫) આમ સ્પે. દિ દાવા નંબર ૮૪/૨૦૧૨ તથા સ્પે દિવાની દાવા નંબર ૨૦/૨૦૧૫ બંન્ને દાવાના કામે રજુ થયેલ સને ૨૦૦૯ ના દસ્તાવેજ જે એપ્રિલ

માસમાં નોધાયેલ હતા તે કોમ્પ્યુટરાઈઝ નોધાયેલ છે અને સબ રજીસ્ટ્રાર રુબરુ મિલ્કત ના વેચાણ આપનાર હાજર રહેલ હોય તેઓના ફોટા અને સહી તેમજ અંગુઠાના નિશાન, લેવામાં આવેલ હોય જે અન્વયે સને ૨૦૦૯ માં કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ ચાલુ હતી તેજ રીતે વ્યારા તાલુકા માં આવેલ સ્થાવર મિલ્કત ના દસ્તાવેજ વ્યારા તાલુકાના સબ રજીસ્ટ્રાર રુબરુ નોધવામાંા આવતા હતા જયારે સદર રજુ કરવામાં આવેલ દસ્તાવેજ નિ ૩/૧ ધ્યાને લેતા ઓકટોબર ૨૦૦૯ માં નોધણી કરવામાં આવેલ તેમજ સદર દસ્તાવેજ ની નોધણી ૨૦ ઓકટોબર ૨૦૦૯ ના રોજ વ્યારા સબ રજીસ્ટાર ની કચેરી વાદીએ પોતે સહી કરેલ તેવુ સ્વીકારી અને જે પાના નં.૫ પર સહી કરેલાનુ જણાવવામાં આવે છે જે દસ્તાવેજ પણ તા.૨૦–૧૦–૨૦૦૯ ના રોજ ૧૪૪૫/૨૦૦૯ થી નોંધાયેલ,તે ઉપરાંત તે બાબતનુ ઈસ્ટેમ્પ તા.૨૦–૧૦–૨૦૦૯ ના રોજ ખરીદવામા આવ્યુ જે અન્વયે સદર દસ્તાવેજમાં ના પાના નંબર ૬ ધ્યાને લેતા વેચનાર અને ખરીદનાર બંન્ને ના ફોટા ચોંટાડી સહી અને અંગુઠાના નીશાન લેવામાંા આવેલ, જે બાબત ધ્યાને લેતા જયારે એપ્રિલ ૨૦૦૯ પહેલાથી સ્થાવર મિલ્કતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કોમ્પ્યુટરાઈઝ થયેલ હોય તેમ છતા ઓકટોબર ૨૦૦૯ મા સદર દસ્તાવેજ કોંમ્પ્યુટરાઈઝ કરવામાં આવેલ નથી, જો કોમ્પ્યુટરાઈઝ દસ્તાવેજ થયેલ હોય તો તેવા સંજોગોમાં મિલ્કત નો વેચાણ આપનાર પોતે સબ રજીસ્ટ્રાર કચેરીમાં હાજર રહેલ હતા તે હકીકત તેના કોમ્પ્યુટરાઈઝ ફોટો પરથી અનુમાન કરી શકાય, પરંતુ હાલના દાવાના કામે તેવો કોઈ કોમ્પ્યુટરાઈઝ નોધ દસ્તાવેજમાં જણાય આવતી નથી તેમજ નીઝર ખાતે ,વ્યારા સબ રજીસ્ટ્રાર કચેરી થી સબ રજીસ્ટ્રાર જઈ ને નોંધણી કરેલ હોય તે બાબત પુરાવા ના આધારે નકિક થઈ શકે, તેમજ નિઝર ખાતે શા માટે કોમ્પ્યુટરાઈઝ દસ્તાવેજ કરવામાં આવેલ ન હતો તેનો ખુલાસો પણ માત્ર પુરાવા ના આધારે નકિક થઈ શકે જે અન્વયે વાદી નો દાવો આ તબકકે રદ કરવા માટે કોઈ પુરતુ કારણ જણાય આવતું નથી.

(૨૬) સદર દાવાના કામે વાદીનુ પક્ષનિવેદન ધ્યાને લેતા તેઓ એ મુખ્ય તકરાર લીધેલ છે કે તેઓ ની દસ્તાવેજ પર વકીલની ઓફીસમાં સહી કરાવેલ પરંતુ તેઓ સબ રજીસ્ટ્રાર કચેરીમાં ગયેલ નથી જે બાબત પણ ધ્યાને લેતા, તેની સાથે સદર જે વેચાણ દસ્તાવેજ માટે દાવો કરવામાં આવેલ છે તે નજર સમક્ષ રાખતા આ કામના વાદી તરફે ,આ કામના પ્રતિવાદીએ ખોટો દસ્તાવેજ ઉભો કરેલ છે તેવો આક્ષેપ ધ્યાને લેતા, તેમજ દસ્તાવેજ માં અન્ય પાના પર સ્ટેમ્પ સિવાય સહી કરેલ પરંતુ સબ રજીસ્ટ્રાર રુબરુ તેઓ એ સહી કરેલ નથી તેવા આક્ષેપ ધ્યાને લેતા, તેમજ જયાં સુધી મિલ્કતના માલીક સબ રજીસ્ટ્રાંર શ્રી રુબરુ હાજર થઈ પોતે તેઓ ની રુબરુ સહી કે અંગુઠો કરી દસ્તાવેજનુ રજીસ્ટ્રેશન ન કરાવે ત્યાં સુધી તે દસ્તાવેજ ગ્રાહય રાખી શકાય નહિ તેવી લેવામાં આવતી તકરાર અન્વયે વધુમાં વેચાણ દસ્તાવેજ ફરજીયાત રજીસ્ટ્રેશન ને પાત્ર છે , જે અન્વયે પુરાવા અધિનીયમ ની કલમ ૬૮ ધ્યાને લેતા જયારે મિલ્કતના મુળ માલીક ધ્વારા દસ્તાવેજ કરવા માટે પોતે સબ રજીસ્ટ્રાર કચેરીમાં ગયા જ નથી, તેવી તકરાર લેતા હોય તે કારણસર સદર દસ્તાવેજ ખોટો બનાવવામાં આવેલ છે તેવા આક્ષેપ જણાય આવે છે, અને તેવા સંજોગો માં દસ્તાવેજ નુ સાક્ષીકરણ પુરવાર કરવાનુ થાય જે બાબત ધ્યાને લેતા સદર બાબત માત્ર પુરાવા ના આધારે નકિક થઈ શકે જેથી વાદીને દાવો કરવા માટે નુ કોઈ કારણ નથી તેમ માની શકાય તેમ નથી.

(૨૭) પ્રતિવાદી તરફે ડાહીબેન વિરૂધ્ધ અરવિંદભાઈ કલ્યાણજી ભાનુસાળી એ.આઈ.આર.૨૦૨૦ સુપ્રિમકોર્ટ ૩૩૧૦ નો ચુકાદો ધ્યાને લેતા તેમા જે તે વેચાણ દસ્તાવેજ બાબતમા વેચાણની અવેજ બાબતનો વ્યવહાર સને ૨૦૦૯ મા ઉત્પન્ન થયેલ. તેમજ તે રકમ લેવા માટે સાડા પાંચ વર્ષ સુધી વાદી તરફે કોઈ કાર્યવાહી કરવામા આવેલ ન હતી. વધુમા તા.૧૯–૬–૨૦૦૯ ના રોજ કલેકટર ધ્વારા હુકમ કરવામા આવેલ અને પરવાનગી આપવામા આવેલી હતી. જે અન્વયે દાવાનુ કારણ સને ૨૦૦૯ થી ઉત્પન્ન થયેલ હોય જેના સાડા પાંચ વર્ષ બાદ દાવો કરવામા આવતો હોય જેથી અનુચ્છેદ ૫૯

અન્વયે સમય મર્યાદા અધિનિયમ ૧૯૬૩ નો બાધ નડે છે. જેથી વાદીનો દાવો કોડ ઓફ સીવીલ પ્રોસીજરના હુકમ–૭ નિયમ–૧૧ (ડી) મુજબ રદ કરવામાં આવે છે. જે અન્વયે સદર દાવાના કામે પ્રતિવાદી તરફે રજુઆત કરવામા આવેલ કે નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદામા વેચાણ અવેજની રકમ ચુકવવાની બાકી હોય તેવા સંજોગોમા જે રકમ ચુકવવાની બાકી હોય તે રકમની વસુલાત માટે વાદીએ દાવો કરવાનો થાય, પરંતુ દસ્તાવેજ રદ કરવાનો દાવો થઈ શકે નહી, જે બાબતે સદર ચુકાદાની પેરા નં.૧૫.૨ તરફ ધ્યાન દોરવામા આવેલ છે. જે ધ્યાને લેતા ૯૯% વેચાણ અવેજની રકમ ચુકવવામા આવેલ ન હતી તેમ છતાં વાદીએ સાડા પાંચ વર્ષ સુધી શાંત બેસેલ હતા તેમજ તે રકમ પરત મેળવવા માટે કો ઈ કાયદેસરની નોટીસ પણ આપેલ નથી. તેમજ તે રકમની વસુલાત માટે દાવો કરવામા આવે ત્યા સુધી વસુલાત માટે કોઈ દાવો પણ કરેલ નથી. તેમજ એક તબકકે વાદીની હકીકત માની પણ લેવામા આવે તો પણ રકમ મળેલ નથી તે કારણ માત્ર દસ્તાવેજ રદ કરવા માટે પુરતુ કારણ નથી.

(૨૮) વિધ્યાધર વિરૂધ્ધ માણેકરાવ અને બીજા એ.આઈ. આર. ૧૯૯૯ સુપ્રિમકોર્ટ ૧૪૪૧ ના ચુકાદા અન્વયે ઠરાવવામા આવેલ છે કે, પુરેપુરી રકમ ચુકવવામા આવેલ ન હોય અને દસ્તાવેજ કરી આપવામા આવેલ હોય અને ત્યારબાદ તેને રજીસ્ટર્ડ કરી વેચાણ પુર્ણ કરી લેવામા આવેલ હોય ત્યારે મિલકતનુ સત્વાધિકાર વેચાણ આપનાર પાસેથી વેચાણ લેનાર પાસે જતુ રહે છે. વધુમા અવેજની રકમ ચુકવવામા આવેલ નથી. તે કારણ માત્રથી વેચાણ ને કોઈ અસર થતી નથી. એક વખત મિલકતનો સત્વાધિકાર ખરીદનાર પાસે જતો રહે ત્યારે રકમ ચુકવવાની બાકી છે તે કારણ માત્રથી દસ્તાવેજ રદ કરી શકાય નહી.

(૨૯) આમ ઉપરોકત બંન્ને ચુકાદા ધ્યાને લેતા માત્ર અવેજ મળેલ ન હોય તેવી તકરાર હોય તો તેવા સંજોગોમાં વાદી ની દલીલ એક તબકકે ગ્રાહય પણ રાખી શકાય પરંતુ હાલના દાવાના કામે વાદીનુ પક્ષ નિવેદન ધ્યાને લેતા વાદી ધ્વારા જણાવવામા આવેલ છે કે તેઓ સબ રજીસ્ટ્રાર ઓફીસમા કોઈ પણ દિવસે ગયેલ નથી.

અને જે દસ્તાવેજ પર પ્રતિવાદી આધાર રાખે છે તે દસ્તાવેજ પર વાદીએ ફકત સહી કરેલ હોય અને દસ્તાવેજ સીકયુરીટી પેટે રાખવા માટે નકકી થયેલ હતુ જેની સાથે જે દસ્તાવેજ બાબતની રજુઆત કવરામાં આવેલ છે તે બાબતે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા અન્વયે દસ્તાવેજમાં એક તબકકે શંકા ઉતપન્ન થાય છે જે અન્વયે જયારે વાદી પોતે સબ રજીસ્ટ્રાર કચેરી વ્યારા ખાતે ગયેલજ ન હોય ત્યારે અને સદર દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરીમાં , વાદી ગયેલ ન હોય તેમ છતા નોધણી કરવામાં આવેલા નો આક્ષેપ હોય, તેમજ જયારે સને ૨૦૦૯ માં કોમ્પ્યુટરાઈઝ દસ્તાવેજની નોધણી થતી હોય તેમ છતા સદર દસ્તાવેજ કોમ્પ્યુટરાઈઝ નોધણી કરવામાં આવેલ નથી, તેમજ શા માટે કોમ્પ્યુટરાઈઝ નોધણી કરવામાં આવેલ નથી તે બાબતની કોઈ સ્પષ્ટતા દસ્તાવેજ માં બતાવવામાં આવેલ ન હોય, તેવા સંજોગોમાં વાદી ધ્વારા દાવો કરવા માટે જે કારણ બતાવેલ છે તે કારણ ધ્યાને લેતા વાદીને દાવો કરવા માટે પુરતુ કારણ હતુ તે આ તબકકે પ્રથમદર્શનીય જણાય આવે છે

(૩૦)વધુમા પ્રતિવાદી તરફે રજુ કરવામાં આવેલ શાંતીભાઈ સોમાભાઈ પટેલ વિરૂધ્ધ રણછોડભાઈના વારસદાર સેકન્ડ અપીલ નં. ૧૬૮/૨૦૧૮ નો ચુકાદો ધ્યાને લેતા જયારે દાવામાં દાવાનુ કારણ બતાવેલ તેના આક્ષેપો ખરા છે કે ખોટા છે ? તે આ તબકકે નકકી કરવાના રહેતા નથી, આમ સદર દાવા અન્વયે ઈલ્યુઝરી કોઝ ઓફ એકસન જણાય આવતો ન હોય અને જયારે વાદી દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર રુબરુ સહી કરવા ગયેલ ન હોય તેવા આક્ષેપ હોય અને દસ્તાવેજ તેઓ રજીસ્ટ્રર્ડ કરાવવા ગયેલ નથી તેવો આક્ષેપ હોય જે કારણ જે પેરા (૧૦) માં દર્શાવવામાં આવેલ છે તે કારણ ખરુ છે કે ખોટુ છે ? તે બાબત પુરાવા ના આધારે નકિક થઈ શકે તે અન્વયે પ્રતિવાદી નંબર ૧ ની કોડ ઓફ સિવીલ પ્રોસીજર ના હુકમ ૭ નિયમ ૧૧ (એ) ની અરજી ચાલવાપાત્ર નથી જે અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે

**:: હુકમ ::**

૧.પ્રતિવાદી નંબર ૧ તરફે રજુ કરવામાં આવેલ આંક ૧૭૧ ની કોડ ઓફ સિવીલ પ્રોસીજર ૧૯૦૮ના હુકમ ૭ નિયમ ૧૧(એ) મુજબની અરજી નામંજુર કરવામાં આવે છે.

૨.અરજી નો ખર્ચ પ્રતિવાદી નંબર ૧ નાએ ભોગવવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

તા ૨૨/૦૯/૨૦૨૨

વ્યારા

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
તાપી મુ વ્યારા જજ કોડ જીજે ૦૦૮૫૪